પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭ | ૨૮ માર્ચ, ૨૦૧૮, બુધવાર ; ચૈત્ર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કર્ણાટક વિધાનસભા માટે ૧૨મી મેએ મતદાન

**એક તબક્કામાં મતદાન યોજવા નિર્ણય : કર્ણાટકમાં ૬૦ લાખ નવા મતદારો ઉમેરાતા કુલ મતદારોની સંખ્યા ૪.૯૦ કરોડ થઇ : ૪૫૦થી વધારે પોલિંગ બૂથ પર મહિલાઓ જવાબદારી સંભાળશે**



નવી દિલ્હ,તા. ૨૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હાઈપ્રોફાઈલ કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે આજે રણશિંગુ ફુંકાઈ ગયું હતું. આની સાથે જ રાજકીય પક્ષો અને ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસમાં રાજકીય ગતિવિધિ વધી ગઈ છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવતે કહ્યું હતું કે, રાજ્યમાં ૫૬૦૦૦ પોલિંગ બૂથ બનાવવામાં આવનાર છે. દિવ્યાંગો માટે પોલિંગ બુથ ઉપર ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. ૪૫૦થી પોલિંગ બુથની વ્યવસ્થા મહિલાઓ સંભાળશે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીને ભાજપ અને કોંગ્રેસ બંને માટે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પૂર્વોત્તરમાં જીતનો ડંકો વગાડી દીધા બાદ ભાજપ હવે દક્ષિણ માટે દ્વાર ગણાતા કર્ણાટક ચૂંટણીને જીતીને દક્ષિણ ભારતમાં નેટવર્કને મજબત કરવાના પ્રયાસમાં છે. બીજી બાજુ કોંગ્રેસ પાસે મોટા રાજ્યોમાં એકમાત્ર કર્ણાટક હાથમાં રહ્યું છે જેથી કર્ણાટકમાં સત્તા જાળવી રાખવા કોંગ્રેસ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવશે. જેડીએસ પણ બહુજન સમાજ પાર્ટી સાથે મળીને બંને પાર્ટીને પડકાર ફેંકવાના પ્રયાસ

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ આઈટી સેલે ૨૨ મિનિટ પહેલાં ચૂંટણીની તારીખો જણાવી

ન્યુ દિલ્હી,તા.૨૭

ઈલેક્શન કમિશન આજે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટેની તારીખની જાહેરાત કરે તે પહેલા જ મોટો વિવાદ ઉભો થયો છે. ઈલેક્શન કમિશને હજુ સુધી તારીખની જાહેરાત કરી નથી, તે પહેલા જ મ્નૈંનાૈ સેલના ચીફ અમિત માલવીયાએ આ બાબતે ટ્વીટ કરીને તારીખોની જાહેરાત કરી દીધી છે. માલવિયાએ ટ્વીટ કરીને કર્ણાટકમાં ૧૨ મેના રોજ વોટિંગ થશે, તેવી ટ્વીટ કરી હતી, જ્યારે બીજી બાજુ ઈલેકશન કમિશનની પ્રેસ કોન્ફરન્સ હજુ ચાલી રહી હતી.

અમિત માલવિયાએ સવારે ૧૧ વાગ્યાને ૮ મિનિટે ટ્વીટ કરી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, કર્ણાટકમાં ૧૨ મેના રોજ વોટિંગ થશે, જ્યારે ૧૮ મેના રોજ મતગણતરી થશે. અમિતે જે સમયે ટ્વીટ કરી હતી, તે સમયે દિલ્હીમાં ઈલેકશન કમિશનની પ્રેસ કોન્ફરન્સ ચાલી રહી હતી. મુખ્ય ચૂંટણી અધિકારી ઓપી રાવત ચૂંટણી વિશે માહિતી આપી જ રહ્યા હતા.

## ન્યુઝ ટ્રેક

### માલ્યા સંપત્તિ ટાંચમાં લેવા આદેશ

દિલ્હીની પટીયાલા હાઉસ કોર્ટે ભાગેડુ વિજય માલ્યાની સંપત્તિને ટાંચમાં લેવાનો આદેશ કર્યો છે. બેંગલુરુ પોલીસ દ્વારા આ કાર્યવાહી કરાશે.

### સાઉથની ફિલ્મમાં અમિતાભ બચ્ચન

અનેક ફિલ્મોમાં કામ કરનાર મહાનાયક અમિતાભ બચ્ચન સૌ પ્રથમવાર સાઉથની ફિલ્મ કરી રહ્યા છે. તેઓ પોતાની આ ડેબ્યુ ફિલ્મ માટે આજકાલ હૈદ્રાબાદમાં છે.

### અન્ના હજારેના ઉપવાસ હજુ ચાલશે

દિલ્હીમાં ઉપવાસ પર બેઠેલા સામાજિક કાર્યકર્તા અન્ના હજારેનું આંદોલન ટુંક સમયમાં પૂર્ણ થઈ જશે એ સમાચારોને આંદોલનની કોર ટીમના સભ્ય અને મીડિયા પ્રભારી પ્રતાબ સિંહાએ જુઠ્ઠા ગણાવ્યા છે અને કહ્યુ છે કે આંદોલન સમેટવાનુ હાલમાં શક્ય નથી.

### પાકને ભારતની ત્રણ નદીઓના પાણી નહિ મળે

કેન્દ્રીયમંત્રી નિતિન ગડકરીએ ભારતમાંથી પાકિસ્તાન તરફ જતી નદીઓના પાણીને લઈને કહ્યું કે, હવેથી ભારતની ત્રણ નદીઓનું પાણી પાકિસ્તાન લઈ શકશે નહીં. નદીઓ પર ડેમ બાંધી આ પાણીને ભારતમાં જ રોકી દેવામાં આવશે.

## લાલુ યાદવને એમ્સમાં લઈ જવા માટે સક્રિય વિચારણા

રાંચી,તા. ૨૭

છેલ્લા કેટલાક દિવસથી બિમાર ચાલી રહેલા આરજેડીના નેતા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ યાદવને હવે એમ્સમાં ખસેડી લેવાની તૈયારી ચાલી રહી છે. તેમની તબિયતમાં હવે નોંધપાત્ર સુધારો થઇ ચુક્યો છે. હાલમાં લાલુ યાદવ રાંચી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ રિમ્સમાં દાખલ છે. ઘાસચારા કોંભાડના ચોથા મામલે તેમને કઠોર સજા કરવામાં આવી ચુકી છે. સીબીઆઈની ખાસ અદાલતે તેમને સાત સાત વર્ષની જેલની સજા કરી છે. આ ઉપરાંત તેમના પર ૬૦ લાખ રૂપિયાનો દંડ પણ લાગુ કરવામાં આવ્યો છે. લાલુની તબિયત અંગે માહિતી આપતા રિમ્સના તબીબ આરકે શ્રીવાસ્તવે કહ્યુ છે કે તેમની તબિયતમાં ઉલ્લેખનીય સુધારો થઈરહ્યો છે. હાલમાં તેમને કોઈ પણ પ્રકારની સર્જિકલ પરેશાની થઈ રહી નથી.

# ભાજપની સામે મોરચો માંડવા મમતા આક્રમક

**મમતા બેનર્જીના દિલ્હીમાં ડેરા : એનસીપી, શિવસેના, આરજેડી, ડીએમકે નેતાઓ સાથે ચર્ચા : જુદા જુદા પક્ષો સાથે લાંબી વાતચીત : શરદ પવાર સાથે ચર્ચા અડધા કલાકથી વધારે સમય સુધી ચાલી : રાજકીય ગરમી**



નવીદિલ્હી,તા. ૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના અનુસંધાનમાં બિનભાજપી અને બિનકોંગ્રેસી મોરચા બનાવવા માટે દિલ્હીમાં ડેરા લગાવીને બેઠા છે. મમતા બેનર્જીએ આજે અનેક ટોચના નેતાઓ સાથે વાતચીત કરી હતી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઈને મોટા રાજકીય ગઠબંધનનો સંકેત આપ્યો છે. મમતા બેનર્જીએ ભાજપથી નારાજ શિવસેનાના નેતા સંજય રાવત સાથે પણ વાતચીત કરી હતી. ભારે સસ્પેન્સ વચ્ચે મમતા બેનર્જીએ શરદ પવાર સાથે પણ વાતચીત કરી હતી. એનસીપી, શિવસેના, આરજેડીના નેતાઓ સાથે મુલાકાત બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, જ્યાં સુધી રાજકીય ચર્ચાની વાત છે ત્યાં સુધી સ્વાભાવિકરીતે આ મિટિંગ થઈ છે. રાજકીય ચર્ચા મહત્વની રહી છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ માસિક

સ્મરણાંજલિ



સ્વ. સેમ્યુલ પોલ ક્રિશ્ચિયન

જન્મ : ૧૧/૮/૧૯૬૮ ● સ્વર્ગવાસ : ૨૮/૨/૨૦૧૮

આનંદના માહોલમાં સમયનું ભાન ન રહ્યું
અને સમયનું ભાન થયું ત્યારે આનંદ ન રહ્યો,
આ હતી આપના અસ્તિત્વની જાદુગરી.
'વસુધૈવ કુટુંબકમ્'ને સાર્થક કરનાર
આપની મૈત્રીસભર આભાને લાખ લાખ સલામ !

લી.

| | |
|---|---|
| બીના સેમ્યુલ ક્રિશ્ચિયન | રજનીકાન્ત એચ. શાહ |
| પોલ એમ. ક્રિશ્ચિયન | વીણાબેન આર. શાહ |
| ફ્રેન્કલિન-અનિતા | હિમાંશુ-સંગીતા |
| રોબિન્સન-વંદના | પ્રેમલ-રેશ્મા |
| સલોની-સુહાની-સેફ્રોની | રિષભ-હેતાંશી-ધારવ |

# ખાપ પંચાયત કોઈના લગ્ન પર રોક ન લગાવી શકે : સુપ્રીમ કોર્ટ

**પુખ્તવયની બે વ્યક્તિ લગ્ન કરી શકે : ખાપ પંચાયતની દરમિયાનગીરી ગેરકાયદે છે : સુપ્રીમ**

નવીદિલ્હી,તા. ૨૭

ઓનર કિલિંગના મામલામાં સુનાવણી કરતી વેળા આજે સુપ્રીમ કોર્ટે આક્રમક વલણ અપનાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે બે પુખ્તવયના લોકોના લગ્નમાં ખાપ પંચાયતોની દરમિયાનગીરીને ગેરકાયદે ગણાવીને ઝાટકણી કાઢી હતી. એક એનજીઓ તરફથી દાખલ કરવામાં આવેલી અરજી ઉપર ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વવાળી બેંચમાં જસ્ટિસ ખાનવીલકર અને જસ્ટિસ ચંદ્રચુડની બેંચે સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન બેંચે સુધારાત્મક અને સુરક્ષાત્મક પગલા લેવાની સૂચના આપી હતી. જે આ પ્રકારના મામલાઓને હાથ ધરવા માટે કાયદાકીય રીતે રુપરેખા નક્કી કરશે. ત્રણ જજની બેંચે કહ્યું હતુ કે, જો બે જુદા જુદા સમુદાયમાંથી આવનાર બે પુખ્તવયની વ્યક્તિ પોતાની ઈચ્છાથી લગ્ન કરે છે તો તેમના સગાસંબંધીઓ અથવા તો અન્ય કોઈ શખ્સને તેમને ધાકધમકી આપવા અથવા તો તેમના પર હુમલા કરવા માટેનો કોઈ અધિકાર નથી. બેંચે ખાપ પંચાયતોના ચુકાદાઓને ગેરકાયદે ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, ઓનર કિલિંગ પર લો કમિશનની ભલામણો ઉપર વિચારણા ચાલી રહી છે. કોર્ટે કહ્યુ હતું કે, જ્યાં સુધી ઓનર કિલિંગ ઉપર કોઈ કાયદો બની જતો નથી ત્યાં સુધી વર્તમાન આધાર ઉપર જ કાર્યવાહી કરવામાં આવશે. આની સાથે સાથે સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યુ છે કે, ખાપ પંચાયતોના આ પ્રકારના વલણ ઉપર જો સરકાર કોઈ પગલા લેશે નહીં તો કોઈ આદેશો કોર્ટ દ્વારા જ જારી કરવામાં આવશે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ કહ્યુ હતું કે, કોઈપણ પુખ્તવયની વ્યક્તિ પોતાની ઈચ્છાથી લગ્ન કરે છે તો કોઈ દરમિયાનગીરી હોવી જોઈએ નહીં.

# ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ટ્રેનથી ચીન પહોંચ્યા

**સત્તા સંભાળ્યા બાદ કીમની પ્રથમ વિદેશ યાત્રા : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થનાર વાતચીત પહેલા કિંમે તૈયારી શરૂ કરી હોવાના અહેવાલ : રણનિતી ઘડાશે**

બેજિંગ,તા. ૨૭

ઉત્તર કોરિયાના હમેંશામાં વિવાદમાં રહેનાર નવેતા અને આક્રમક છાપ ધરાવતા કિંમ જોગ ઉન ખુબ જ ગુપ્તરીતે ટ્રેન મારફતે ચીન પહોંચ્યા હોવાના હેવાલ મળ્યા છે. જાપાની મિડિયા દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. તેમની સાથે કેટલાક પ્રતિનિધીઓ હોવાની પણ માહિતી મળી છે. એમ માનવામાં આવે છે કે વર્ષ ૨૦૧૧માં સત્તા સંભાળી લીધા બાદ કિમની આ પ્રથમ વિદેશ યાત્રા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે તેમની થનાર વાતચીત પહેલા આ વાતચીત ઉપયોગી ગણવામાં આવે છે. કિંમની યાત્રાના સંબંધમાં હાલમાં કોઈ માહિતી મળી શકી નથી. ઉત્તર કોરિયાના અધિકારીઓ પહેલા પણ




● અનુસંધાન પાન-૭ પર

## બાબરી મસ્જિદ કેસમાં સિબ્બલને હટી જવા કોંગ્રેસનો નિર્દેશ

ન્યુ દિલ્હી,તા.૨૭

કૉંગ્રેસ પાર્ટીએ ગુજરાત ચૂંટણી દરમ્યાન ઉભા થયેલા વિવાદને જોતા હવે પોતાના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલને બાબરી મસ્જિદ કેસમાંથી હટી જવાનો નિર્દેશ આપ્યો છે. જો કે વાત એમ છે કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વકીલ કપિલ સિબ્બલ બાબરી મસ્જિદ કેસની છેલ્લી કેટલીક સુનવણીમાં હાજર રહ્યા નથી. માનવામાં એમ પણ આવી રહ્યું છે કે આગળ પણ આ સુનવણીથી દૂર રહી શકે છે. સુનવણીમાં તેમની અનુપસ્થિત રહેવાથી એ અંદાજો લગાવામાં આવી રહ્યો છે કે કદાચ કૉંગ્રેસ પાર્ટીએ સિબ્બલને આ કેસમાંથી હટવાનું કહ્યું છે.

જો કે મુસ્લિમ પીટીશનર્સનું કહેવું છે કે જ્યાં સુધી તેમને માહિતી છે ત્યાં સુધી આ એક અસ્થાયી બ્રેક છે. સિબ્બલ આ કેસમાં સુન્ની વક્ફ બોર્ડની તરફથી પૈરવી કરી રહ્યાં છે. પીટીશનર્સનું કહેવું છે કે કોંગ્રેસ પાર્ટીની તરફથી સિબ્બલને કોઈ પ્રકારનો નિર્દેશ મળ્યો છે, એવી તેમની પાસે માહિતી નથી.

Mahindra Rise.

ગાડીએ-ગાડીએ ઓફર છે,
તો ઘરે-ઘરે ગાડી કેમ નહીં !

મહિન્દ્રા લાવ્યા છે, અનેક આકર્ષક ઓફર્સ.



BOLERO ₹40,000* સુધીનાં લાભ
XUV500 ₹80,000* સુધીનાં લાભ
KUV100 NXT ₹69,000* સુધીનાં લાભ
SCORPIO ₹35,500* સુધીનાં લાભ
TUV300 ₹65,000* સુધીનાં લાભ

ઓફર્સ પસંદગીનાં મોડલ્સ ઉપર, તે પણ સ્ટોક રહેશે ત્યાં સુધી જ.
તો આજે જ તમારા નજીકનાં શો-રૂમની મુલાકાત લો અને તમારી ગાડી બુક કરાવો.

કોર્પોરેટ, શિક્ષકો, બેંક, ગર્વમેન્ટ / PSUs, CSD / CPC કર્મચારીઓ, CA તથા ડોક્ટર્સ માટે ખાસ લાભ.
ફ્લીટ અને બલ્ક પૂછપરછ માટે સંપર્ક sales.corporate@mahindra.com

Privilege CORPORATE & FLEET | SarCar2.0 OFFER | LIFESAVERS' REWARDS | TEACHER'S REWARDS | MONEY MENTORS REWARDS | VAKILS' REWARDS

*Terms & Conditions Apply. Offer valid on select models till stocks last. Insurance is a subject matter of Solicitation and is at the discretion of the Insurance Company. This offer cannot be clubbed with any other offer. Offer mentioned is the maximum benefit available, subject to insurance & Finance availed through dealership only. it include exchange bonus (through Mahindra X Mart/First Choice counters only) and corporate bonus as applicable. Extent of discount will vary if vehicle purchased against cash, extent of Funding exposure, Insurance options available with dealership. Offer will vary depending on the brand and model purchased and may vary from city to city. Terms of the offer may be altered/amended/withdrawn without prior notice. Accessories shown are not part of standard equipment. For more information please visit : www.mahindraauto/nearestdealership.

Xmart

Param Automobiles : Gandhinagar : 7069075809, 9925006035 • Kalol : 9925006552, 9925007422 • Dehgam : 9925006035

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય